# તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષય ઉપર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મિંગ સિસ્ટમ રિસર્ચ (આઇ.સી.એ.આર), મેરઠ, (યુ.પી) અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા ના સંયુક્ત ઉપક્રમે તા.૨૯-૧૨-૨૦૨૧ થી તા.૩૦-૧૨-૨૦૨૧ ના રોજ એ.આઈ.સી.આર.પી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત "**તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ**" વિષય ઉપર બે દિવસીય તાલીમ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ. આ તાલીમ પ્રોગ્રામ ની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી ત્યારબાદ કેન્દ્રના વડા ડૉ.જી.જે.પટેલ દ્વારા અતિથી વિશેષ માન. બોર્ડ મેમ્મબર શ્રી દિલીપભાઇ ધાંગા સાહેબ નું પુષ્પ-ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ, વધુમાં તાલીમાર્થી તરીકે પધારેલ વિસ્તરણ અધિકારીશ્રી, ગ્રામસેવક મિત્રો, ઈનપુટ ડીલર અને પ્રગતિશીલ ખેડૂત મિત્રોનું પણ પુષ્પ-ગુચ્છ તેમજ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ. તાલીમ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ.જી.જે.પટેલ તેમજ અતિથિ વિશેષ માન. બોર્ડ મેમ્મબર શ્રી દિલીપભાઇ ધાંગા સાહેબ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી તેલીબિયાં પાકોનું ગુજરાત તથા ભારતમાં સ્થાન અને વિશ્વવ્યાપી માંગ વિશે માહિતગાર કર્યા.

આ બે દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ પ્રથમ દિવસે કેન્દ્રના વડા ડૉ.જી.જે.પટેલ દ્વારા તેલીબિયાં પાકોની સુધારેલી ખેતી પધ્ધતિ, ડૉ.એ.વાય.માકાણી રિસર્ચ એસોસિયેટ (બ્રીડિંગ) દ્વારા તેલીબિયાં પાકોમાં શુદ્ધ બિયારણ ઉત્પાદન અને ડૉ.એકતા.એચ.પંડ્યા રિસર્ચ એસોસિયેટ (હોમ સાયન્સ) દ્વારા તેલીબિયાં પાકોમાં મૂલ્યવર્ધન જેવા વિષયો ઉપર વિસ્તુત માહિતી અપવવામાં આવી. તાલીમ કાર્યક્રમનાં બીજા દિવસે ડૉ. સી. જે પટેલ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) દ્વારા તેલીબિયાં પાકોમાં નિદ્ણ નિયત્રણ અને ડૉ.એચ.કે.દેસાઇ રિસર્ચ એસોસિયેટ (વિસ્તરણ) દ્વારા ફિલ્ડ વિઝિટ દરમ્યાન તેલીબિયાં પાકોમાં ઉત્પાદન વધારવા માટેનાં ચાવીરૂપ મુદ્દાઓ વિષે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યુ. અંતમાં તાલીમાર્થીઓ સાથે ખેડૂતલક્ષી પ્રશ્નોની ચર્ચા કરી આભારવીધી દ્વારા તાલીમ નું સમાપન કરવામાં આવેલ.


TRAINING PROGRAMME ON NEW TECHNOLOGIES AND


TFWTC/DB/DS/


